## જન્મદિને વધામણી


હિતેન્દ્ર પુરોહિત
મો. ૯૯૨૪૪ ૧૧૯૦૮


કિન્નરી ભટ્ટ
મો. ૯૯૦૪૯ ૬૩૭૫૩

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા

# ત્રિદિવસીય વાચન શિબિર યોજાઈ










ગાંધીનગર, તા. ૩૦
કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા વિદ્યાર્થીઓ માટે ત્રિદિવસીય વાચન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉમર્સના વિદ્યાર્થીઓ પુસ્તકો તરફ વળે અને લેખનના વિવિધ આયામોથી પરિચિત થાય તે ઉદ્દેશથી આ શિબિર યોજવામાં આવી હતી.

શિબિરના પ્રથમ દિવસે જાણીતા યુવા કવિ અને કુશળ વક્તા અંકિત ત્રિવેદીએ પોતાની મીઠી વાણીનો લાભ વિદ્યાર્થીઓને આપ્યો હતો. તેમણે પોતાના જીવનમાં પુસ્તકો કઈ રીતે મહત્ત્વનાં રહ્યાં છે એ વિષયે રસપ્રદ વાર્તાલાપ કર્યો હતો. પુસ્તકો કોઈપણ વ્યક્તિને ડિપ્રેશનમાંથી બહાર લાવી શકે છે, જીવનને જીવવા જેવું બનાવે છે અને જીવનને અવળા માર્ગે જતાં રોકે છે એ તેમના વક્તવ્યનો મુખ્ય સૂર હતો.

શિબિરના બીજા દિવસે વરિષ્ટ લેખક, કવિ અને ઉમદા વક્તા ભાગ્યેશ જહાના અભ્યાસુ વક્તવ્યનો લાભ વિદ્યાર્થીઓને પ્રાપ્ત થયો હતો. તેમણે પોતાની આગવી શૈલીમાં વિદ્યાર્થીઓ સાથે પોતાના જીવનઅનુભવો વાગોળ્યા હતા અને પુસ્તકોનાં વાચન સાથે દેશ-વિદેશની અવનવી વાતોથી વિદ્યાર્થીઓને ગમ્મત સાથે જ્ઞાન પૂરું પાડ્યું હતું. નવી ઊભી થઈ રહેલી 'આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ'ની દુનિયામાં પુસ્તકો કઈ રીતે ટકવાનું પીઠબળ પૂરું પાડશે તેની ચર્ચા તેમણે કરીહતી.

શિબિરના ત્રીજા દિવસે ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ સંચાલિત પુસ્તકાલયની મુલાકાત વિદ્યાર્થીઓએ લીધી હતી. અહીં વિદ્યાર્થીઓએ ગાંધીવિચાર આધારિત પુસ્તકોની માહિતી પણ પ્રાપ્ત કરી હતી.

શિબિર દરમિયાન વિદ્યાર્થીઓને જુદા-જુદા વિષયો આધારિત પુસ્તકો વાચન માટે આપવામાં આવ્યાં હતાં અને વિદ્યાર્થીઓએ જ્ઞાનપીઠ ઍવોર્ડ વિજેતા લેખકોના સુંદર ચાર્ટ બનાવી પ્રસ્તુત કર્યા હતા. વાર્તાકથન અને પુસ્તક સમીક્ષા સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર શિબિરનું સુંદર આયોજન ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ શ્રદ્ધાબેન પંડ્યા અને નયના રંગવાળા દ્વારા કરવામાં આવ્યું હતું.

# આધારશીલા સ્કૂલમાં આપત્તિ વ્યવસ્થાપન મોક ડ્રીલ








નાગરિક સંરક્ષણ કચેરી, ગાંધીનગર યુનિટ દ્વારા ૨૯મી જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક દિન નિમિત્તે આધારશીલા સ્કૂલ, વલાદ ખાતે મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

નાગરિક સંરક્ષણના વોર્ડન અને આધારશિલા સ્કૂલના ઍનસીસીના વિદ્યાર્થીઓ દ્વારા ભૂકંપ વખતે સ્ટ્રક્ચરલ કોલેપ્સની મોક ડ્રીલ કરવામાં આવી હતી. આ પ્રસંગે પોલીસ ઈન્સ્પેક્ટર દિગ્વિજયસિંહ ઍન ઝાલા અને ઈમર્જન્સી રિસ્પોન્સ સૅલ, કલેક્ટર કચેરી, ગાંધીનગરનાં મામલતદાર દિપીકાબેન પંચાલના માર્ગદર્શન હેઠળ ડીવિઝનલ વૉર્ડન અંજના સી નિમાવત, પોસ્ટ વૉર્ડન મહાવીર સી નિમાવત દ્વારા ડેમોન્સ્ટ્રેશનની કામગીરી કરવામાં આવી હતી. પૂર, ભૂકંપ જેવી હોનારતના સમયે પ્લાસ્ટીકની બૉટલ્સ, કૅરબા તેમજ દોરડા દ્વારા પોતાનો તેમજ અન્ય નાગરિકોનો બચાવ કેવી રીતે કરી શકાય તે બાબતનું પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવ્યું હતું. આધારશિલા સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી કે ડી પટેલ, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના ડીપીઓ રાધિકા તિવારી અને પોસ્ટ વૉર્ડન ઉત્કર્ષ આર ગુપ્તાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## કામધેનૂ યુનિવર્સિટી ઈન્ટર યુનિવર્સિટી સ્પોર્ટ્સ મીટમાં ઝળકી



ગાંધીનગર, તા. ૩૦
પંજાબ એગ્રીકલ્ચર યુનિવર્સિટી, લુધિયાના ખાતે ૧૯મી ઈન્ડિયા ઈન્ટર એગ્રીકલ્ચર યુનિવર્સિટી સ્પોર્ટ્સ એન્ડ ગેમ્સ મીટ-૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દેશની તમામ એગ્રીકલ્ચર યુનિવર્સિટીઝે ભાગ લીધો હતો.

ગુજરાત રાજ્યમાંથી કામધેનૂ યુનિવર્સિટી સંલગ્ન કૉલેજ ઑફ ડેરી સાયન્સ, અમરેલીના વિદ્યાર્થી નકુમ જસપાલે ઊંચી કૂદમાં સિલ્વર મૅડલ પ્રાપ્ત કરી ગુજરાતને ગૌરવ પ્રદાન કર્યું હતું.

નકુમને આ સિદ્ધિ બદલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ઍન ઍચ કેલાવાલા તથા અધિકારીઓ દ્વારા બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## લીંબોદરા હાઈસ્કૂલમાં વિશિષ્ટ રીતે ધ્વજવંદન



ગાંધીનગર, તા. ૩૦
શ્રી પી પી આર શાહ હાઈસ્કૂલ, લીંબોદરા ખાતે ગણતંત્ર દિવસ નિમિત્તે વિશિષ્ટ રીતે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ધોરણ-૮માં અભ્યાસ કરતી દિવ્યાંગ બાળા કુ. તન્વી કમલેશભાઈ પટેલના હસ્તે આ પ્રસંગે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે તન્વી છેલ્લાં ૩ વર્ષથી જિલ્લાકક્ષાની સ્પેશિયલ ખેલ મહાકુંભ સ્પર્ધામાં ૧૦૦ મીટર દોડ અને ચક્રફેંક સ્પર્ધામાં વિજેતા બની રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ ચૂકી છે. આચાર્ય તેજસિંહ પરમારે ઉપસ્થિત મહેમાનોને આવકાર્યા હતા. આ પ્રસંગે ગ્રામ પંચાયતના સરપંચ રણજીતસિંહ, નિવૃત્ત ડિસ્ટ્રીક્ટ જજ આઈ બી વાઘેલા, લીંબોદરા સેવા સમાજના પ્રમુખ નરેશભાઈ, અંગ્રેજી માધ્યમ સ્કૂલનાં આચાર્ય મધુબેન ભાર્ગવ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંત ભાગમાં આભારવિધિ કુમાર શાળાના આચાર્ય દ્વારા કરવામાં આવી હતી.

# નહેરુ યુવા કેન્દ્ર દ્વારા ધ્વજવંદનનો કાર્યક્રમ




ગાંધીનગર, તા. ૩૦
નહેરુ યુવા કેન્દ્ર, યુથ હોસ્ટેલ અને હેપ્પી યુથ કલબના સંયુક્ત ઉપક્રમે ૭૦મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે યુથ હોસ્ટેલના પ્રાંગણમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ધ્વજવંદન અગાઉ મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને પંડિત નહેરુની તસવીરને પુષ્પમાળા અર્પણ કરવામાં આવી હતી. નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર અને હેપ્પી યુથ કલબના પ્રમુખ સમીર રામીના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. ઉપસ્થિત યુવા વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીતોનું ગાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સૌએ સાથે મળીને 'એક ભારત શ્રેષ્ઠ ભારત' માટેનો નિર્ધાર કર્યો હતો. યુવા કાર્યકર ઋષિકેશ માંડલિયા, હાર્દિક, સુરજ, મંથન વગેરે આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# નવગુજરાત કૉમર્સ કૉલેજમાં વિવિધ 'ડે'ની ઉત્સાહી ઉજવણી





સૅક્ટર-૨૮માં સ્થિત નવગુજરાત કૉમર્સ કૉલેજ ખાતે પ્રૉફેશનલ વૅર ડે, સિગ્નેચર ડે અને ફૂડ ડેની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ ઉપરાંત અધ્યાપકોએ પણ આ ઉજવણીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ દ્વારા ફૂડ વેચાણ માટે સ્ટોલ તૈયાર કરવામાં આવ્યા હતા, જેમાં ભેળ, ખીચુ, પાણી-પુરી, ચાટ વગેરે વાનીઓ મૂકવામાં આવી હતી.

# ગાંધીજીને ચરખો ક્યાંથી મળ્યો ?

ગુજરાતમાં સારી પેઠે ભટક્યા પછી ગાયકવાડના વિજાપુરમાં ગંગાબહેનને રેંટિયો મળ્યો. ઘણાં કુટુંબોની પાસે રેંટિયો હતો તે તેમણે મેડે ચડાવી મેલ્યો હતો. પણ જો તેમનું સૂતર કોઈ લે તો તેમને પૂણી પૂરી પાડવામાં આવે તો તેઓ કાંતવા તૈયાર હતાં. ગંગાબહેને મને ખબર આપ્યા, ને મારા હર્ષનો પાર ન રહ્યો. પૂણી પહોંચાડવાનું કામ અઘરું લાગ્યું. મરહૂમ ભાઈ ઉમર સોબાનીને વાત કરતાં તેમણે પોતાની મિલમાંથી પૂણીનાં ભૂંગળાં પૂરાં પાડવાનું કામ માથે લીધું. મેં તે ગંગાબહેનને મોકલ્યાં, ને સૂતર એટલા વેગથી તૈયાર થવા લાગ્યું કે હું થાક્યો.

ભાઈ ઉમર સોબાનીની ઉદારતા બહોળી હતી, છતાં તેને હદ હતી. પૂણીઓ વેચાતી લેવાનો નિશ્ચય કરતાં મને સંકોચ થયો. વળી મિલની પૂણીઓ લઈ કંતાવવામાં મને બહુ દોષ લાગ્યો. જો મિલની પૂણીઓ લઈએ તો સૂતરનો શો દોષ ? પૂર્વજોની પાસે મિલની પૂણીઓ ક્યાં હતી ? એ કઈ રીતે પૂણીઓ તૈયાર કરતા હશે ? પૂણીઓ બનાવનારને




શોધવાનું મેં ગંગાબહેનને સૂચવ્યું. તેમણે તે કામ માથે લીધું. પીંજારાને શોધી કાઢ્યો. તેને દર માસે રૂ. ૩૫ના કે એથી મોટા પગારથી રોક્યો. પૂણી બનાવતાં બાળકોને શીખવ્યું. મેં રૂની ભિક્ષા માગી. ભાઈ યશવંતપ્રસાદ દેસાઈએ રૂની ગાંસડીઓ પૂરી પાડવાનું માથે લીધું. ગંગાબહેને કામ એકદમ વધાર્યું. વણકરો વસાવ્યા ને કંતાયેલું વણાવવાનું શરૂ કર્યું. વિજાપુરની ખાદી પંકાઈ.

બીજી તરફથી આશ્રમમાં હવે રેંટિયો દાખલ થતાં વાર ન લાગી. મગનલાલ ગાંધીની શોધક શક્તિએ રેંટિયામાં સુધારા કર્યા, ને રેંટિયા તથા ત્રાકો આશ્રમમાં બન્યાં. આશ્રમની ખાદીના પહેલા તાકાનું ખર્ચ વારના સત્તર આના પડ્યું. મેં મિત્રો પાસેથી જાડી કાચા સૂતરની ખાદીના એક વારના સત્તર આના લીધા તે તેમણે હોંશે આપ્યા.




મુંબઈમાં હું પથારીવશ હતો. પણ સૌને પૂછ્યા કરતો. ત્યાં કાંતનારી બહેનો હાથ લાગી. તેમને એક શેર સૂતરનો એક રૂપિયો આપ્યો. હું ખાદીશાસ્ત્રમાં હજુ આંધળોભીંત જેવો હતો. મારે તો હાથે કાંતેલું સૂતર જોઈતું હતું, કાંતનારી જોઈતી હતી. ગંગાબહેન જે ભાવ આપતાં હતાં તેની સરખામણી કરતાં જોયું કે હું છેતરાતો હતો. બાઈઓ ઓછું લેવા તૈયાર નહોતી, તેથી તેમને છોડવી પડી. પણ તેમનો ઉપયોગ હતો. તેમણે શ્રી અવંતિકાબાઈ, રમીબાઈ




કામદાર. શ્રી શંકરલાલ બૅંકરનાં માતુશ્રી અને શ્રી વસુમતીબહેનને કાંતવાનું શીખવ્યું, ને મારી ઓરડીમાં રેંટિયો ગુંજ્યો. એ યંત્રે મને માંદાને સાજો કરવામાં ફાળો ભર્યો એમ કહું તો અતિશયોક્તિ નથી. આ માનસિક સ્થિતિ છે એ ખરું. પણ મનનો હિસ્સો મનુષ્યને સાજોમાંદો કરવામાં ક્યાં ઓછો છે ? રેંટિયાને મેં પણ હાથ લગાડ્યો. આનાથી આગળ આ વેળા હું નહોતો જઈ શક્યો.

અહીં હાથની પૂણી ક્યાંથી લાવવી ? શ્રી રેવાશંકર ઝવેરીના બંગલાની પાસેથી રોજ તાંતનો અવાજ કરતો પીંજારો પસાર થતો. તેને મેં બોલાવ્યો. તે ગાદલાનું રૂ પીંજતો. તેણે પૂણી તૈયાર કરી આપવાનું કબૂલ કર્યું. ભાવ આકરો માંગ્યો તે મેં આપ્યો. આમ તૈયાર થયેલું સૂતર મેં વૈષ્ણવોને પવિત્રાં કરવા સારુ દામ લઈ વેચ્યું. ભાઈ શિવજીએ મુંબઈમાં રેંટિયાવર્ગ કાઢ્યો. આ પ્રયોગોમાં દ્રવ્યનું ખર્ચ ઠીક થયું. શ્રદ્ધાળુ દેશભક્તોએ પૈસો આપ્યો ને મેં ખરચ્યો. એ ખરચ વ્યર્થ નથી ગયું એવો મારો નમ્ર અભિપ્રાય છે. તેમાંથી ઘણું શીખવાનું મળ્યું. મર્યાદાનું માપ મળ્યું.

હવે હું કેવળ ખાદીમય થવા અધીરો થયો. મારું ધોતિયું દેશી મિલના કાપડનું હતું. જે ખાદી વિજાપુરમાં ને આશ્રમમાં થતી હતી તે બહુ જાડી અને ૩૦ ઈંચ પનાની થતી હતી. મેં ગંગાબહેનને ચેતવણી આપી કે, જો ૪૫ ઈંચ પનાનું ખાદીનું ધોતિયું એક માસની અંદર પૂરું ન પાડે, તો મારે જાડી ખાદીનું અડધિયું પહેરી નિભાવ કરવો પડશે. આ બહેન અકળાયાં, મુદ્દત ઓછી લાગી, પણ હાર્યા નહીં. તેમણે મહિનાની અંદર મને પચાસ ઈંચનો ધોતીજોટો પૂરો પાડ્યો ને મારું દારિદ્ર્ય ફિટાડ્યું.

એ જ અરસામાં ભાઈ લક્ષ્મીદાસ લાઠીથી અંત્યજ ભાઈ રામજી અને તેમનાં પત્ની ગંગાબહેનને આશ્રમમાં લાવ્યા, ને તેમની મારફતે મોટા પનાની ખાદી વણાવી. ખાદીપ્રચારમાં આ દંપતીનો હિસ્સો જેવોતેવો ન કહેવાય. તેમણે ગુજરાત અને ગુજરાતની બહાર હાથસૂતર વણવાનો કસબ બીજાઓને શીખવ્યો છે. આ નિરક્ષર પણ સંસ્કારી બહેન જ્યારે સાળ ચલાવે છે ત્યારે તેમાં એટલાં લીન થાય છે કે, આમતેમ જોવાની કે કોઈની સાથે વાત કરવાની ફુરસદ પોતાને સારુ રાખતાં નથી.



'સત્યના પ્રયોગો'માંથી સાભાર